**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૫૦ ટકા

# અદાણી અમદાવાદ વર્ચ્યુઅલ મેરેથોનમાં ગાંધીનગર રનર્સ સૈનિકોના માનમાં દોડ્યા




ગાંધીનગર, તા.૨૯

અદાણી અમદાવાદ મેરેથોન 'રન ફોર સોલ્જર' નામે છેલ્લા ચાર વર્ષથી અમદાવાદ અદાણી શાંતિ ગ્રામ ખાતે મેરેથોનનું આયોજન કરે છે. આ વખતે કોરોના વૈશ્વિક મહામારીના કારણે અમદાવાદ અદાણી શાંતીગ્રામ ખાતે મેરેથોનનું આયોજન ન કરતા તેમણે રવિવાર દિનાંક ૨૯ નવેમ્બરના રોજ વર્ચ્યુઅલ મેરેથોનનું આયોજન કર્યું હતું. આ મેરેથોનમાં હજારો રનર્સ ભાગ લે છે.

ગાંધીનગર રનર્સ ગ્રુપ દ્વારા આ અદાણી અમદાવાદ મેરેથોનમાં ઉત્સાહભેર ભાગ લઈ ૧૦ કિલોમીટર, ૨૧.૦૯૭ કિલોમીટર હાફ મેરેથોન અને ૪૨.૧૯૪ કિલોમીટર ફૂલ મેરેથોનમાં ભાગ લીધો હતો. આ પૈકી ડો. પ્રણવ જોશીપુરા, પ્રવીણ નાયર, દુર્ગેશ પંચાલ, ભરત પટેલ, સંજય થોરાત, નિતીન ડોડીયા, ભાવેશ પટેલ, મયુર થાનકી, પ્રદીપ ગેહલોત, બીજુ પીલ્લાઈ અને અર્પિતા જોશી ભેગાં થઈને સરિતા ઉદ્યાનથી દોડ શરૂ કરી એકસાથે આ મેરેથોન પૂર્ણ કરી હતી. આ સૌ રનર્સને ફિનિશરનો મેડલ આપવામાં આવશે.

અદાણી અમદાવાદ મેરેથોન આ વખતે સમગ્ર વિશ્વમાં યોજાઈ રહી છે. અને માત્ર એક દિવસ પૂરતી સીમિત ન રહેતા આઠ દિવસ માટે યોજાઈ છે. ઓનલાઈન એપ્લિકેશન દ્વારા એમનો ડેટા જનરેટ કરવામાં આવી રહ્યો છે અને ત્યાર બાદ વિજેતા જાહેર કરવામાં આવશે. અદાણી અમદાવાદ મેરેથોન દ્વારા જે પણ કંઈ ફંડ ભેગું થાય છે એ ભારતના સૈનિકોને અર્પણ કરવામાં આવે છે. અને એટલે જ આ મેરેથોનમાં ભાગ લેવાનું આકર્ષણ સૌને વધારે હોય છે.



વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન ગાંધીનગરનો શપથવિધિ કાર્યક્રમ સેકટર-૨૧ હવેલી ખાતે યોજવામાં આવ્યો હતો. વૈષ્ણવાચાર્ય પૂ.પા. ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયના મંગલ સાંનિધ્યમાં યોજાયેલા આ શપથવિધિ કાર્યક્રમમાં મેયર રીટાબેન પટેલ, ડૉ. નીતાબેન શેખાત, ગાંધીનગરના અગ્રણી જશવંત ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. કોરોનાની ગાઈડલાઈન મુજબ સોશિયલ ડિસ્ટન્સ સાથે આ કાર્યક્રમ યોજાયો હતો.

# આવતીકાલથી માત્ર સાંજના સમયે અક્ષરધામ મંદિર ફરી દર્શનાર્થીઓ માટે ખુલશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સહિત સમગ્ર રાજયમાં કોરોના સંક્રમણના કેસોમાં દિવાળીના તહેવારો પછી એકાએક ઉછાળો નોંધાયો છે. આ સ્થિતિને અનુલક્ષીને ગાંધીનગરનું સુપ્રસિદ્ધ યાત્રાધામ અક્ષરધામ તુરંત બંધ કરી દેવામાં આવ્યું હતું પરંતુ હવે આગામી તા. ૧લી ડિસેમ્બર મંગળવારથી સાંજે ૪ થી ૭.૩૦ કલાક દરમ્યાન અક્ષરધામ પરિસર ફરી એકવાર દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મૂકવામાં આવી રહ્યું છે. આ સાથે દર્શનાર્થીઓ વોટર શોનો આનંદ પણ સાંજે ૬.૩૦ કલાકે માણી શકશે.

ગાંધીનગરનું સુપ્રસિદ્ધ યાત્રાધામ અક્ષરધામ ધાર્મિક, સાંસ્કૃતિક અને પર્યટન ક્ષેત્રે અત્યંત મહત્વનું સ્થાન ધરાવે છે અને દિવાળીની રજાઓમાં અંહી અસંખ્ય દર્શનાર્થીઓ અક્ષરધામની મુલાકાતે ઉમટી પડે છે.

આ વર્ષે પણ દિપાવલીના તહેવાર નિમિત્તે યોજાનાર દિપોત્સવથી માંડીને અક્ષરધામના દર્શને હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓએ દર્શનનો લાભ લીધો હતો. જો કે દિવાળીના પર્વ પછી ગાંધીનગર-અમદાવાદ સહિત રાજ્યભરમાં જે રીતે કોરોના વિસ્ફોટની સ્થિતિ સર્જાઇ હતી તેને અનુલક્ષીને અક્ષરધામ તુરંત બંધ કરવાનો નિર્ણય મંદિર સંચાલકો દ્વારા લેવામાં આવ્યો હતો. આ નિર્ણય કોરોનાને કારણે અમદાવાદમાં સર્જાયેલી કર્ફયુની સ્થિતિને ધ્યાનમાં રાખીને દર્શનાર્થીઓની સલામતી જળવાય એ હેતુથી લેવામાં આવ્યો હતો. હવે આગામી તા. ૧લી ડિસેમ્બર મંગળવારથી ફરી ખુલશે પરંતુ તે માત્ર સાંજે ૪ થી ૭.૩૦ કલાક દરમ્યાન જ ખુલ્લુ મૂકવામાં આવી રહ્યું છે. આ સાથે દર્શનાર્થીઓ વોટર શોનો સાંજે ૬.૩૦ કલાકે એક શો માણી શકશે.

# કુડાસણ હત્યા કેસમાં આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંજુર

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગરના પાદરે આવેલા કુડાસણ વિસ્તારમાં અપના અડ્ડા ટી સ્ટોલ પાસે તા.૨૫ નવેમ્બરની વહેલી સવારે સામાન્ય બાબતે માથાકુટ થયેલી મારામારીમાં રાંદેસણના યુવકનું મૃત્યું નિપજયુ હતું. આ કેસમાં ઈન્ફોસીટી પોલીસે વૈષ્ણોદેવી સર્કલ થી એપોલો સર્કલ વચ્ચેથી શકિતસિંહ ઘનશ્યામસિંહ ડોડીયા, શકિતસિંહ શૈલેન્દ્રસિંહ ચૌહાણ, ચેતનસિંહ હિંમતસિંહ વાઘેલા, હાર્દિક બિજલભાઈ પરમાર, પ્રણવ ભુપેન્દ્રભાઈ ગીલકર તેમજ યશપાલસિંહ કિરીટસિંહ વાળા ને પકડી પાડ્યા હતા. પોલીસે આ તમામને કોર્ટમાં રજુ કરતા આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. પોલીસની પ્રાથમિક પુછતાછમાં આરોપીઓ હુમલો કર્યા પછી નાસી ગયા હતા તે સમયે તેઓએ છરા, ધોકા સહિતના હથીયારો માર્ગમાં આવતી નર્મદા કેનાલમાં ફેંકી દીધા હતા. જો કે હુમલાખોરો જે ગાડીઓમાં આવ્યા હતા તેનો હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી. જેથી પોલીસ રિમાન્ડ દરમિયાન આરોપીઓની પુછપરછ કરીને તેઓની કાર અંગે ભાળ મેળવશે. તે ઉપરાંત હજુ ન પકડાયેલ એક આરોપી ક્યાં હોવાની શકયતા છે તે અંગે પુછતાછ કરવામાં આવશે.

# સેકટર-૨૧માંથી પલ્સર બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં કેશીયર તરીકે ફરજ બજાવતા કર્મચારીનું પલ્સર બાઈક ચોરાયું છે. ગત તા.૮ ના રોજ સેકટર-૨૧ ખાતે ખરીદી કરવા ગયા હતા, તે સમયે પોસ્ટ ઓફિસની પાછળ પાર્કિંગમાં બાઈક પાર્ક કર્યુંહતું. સાંજના સુમારે બાઈક પાર્ક કરીને ગયા હતા, ત્યારે સાંજના સાડા આઠ વાગે આવીને જોયું તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. થોડા દિવસ આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરવા છતા ન મળી આવતા આખરે સેકટર-૨૧ પોલીસ મથકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે બાઈક ચોરને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૨ બ્લોક નં ૧૩૫-૨ ચ ટાઈપ ખાતે રહેતા ચંદુલાલ મુળાભાઈ બારોટ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં કેશીયર તરીકે ફરજ બજાવે છે. દિવાળીના દિવસોમાં ફરીયાદી પત્નીને બાઈક નં. જી.જે.૧૮.સી.ડી. ૦૫૪૯ બેસાડી સેકટર-૨૧ ખાતે ખરીદી માટે ગયા હતા. ત્યારે ફરીયાદીએ સાંજના સમયે પોતાનું બાઈક પોસ્ટ ઓફિસની પાછળની બાજુમાં પાર્ક કર્યું હતું. ત્યારે ખરીદી કર્યા પછી ફરીયાદી રાત્રીના સાડાઆઠ વાગ્યાના અરસામાં બાઈક પાર્ક કરેલી જગ્યા પર આવ્યા હતા. પરંતુ બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. થોડા દિવસ સુધી પોતાની રીતે શોધખોળ કરવા છતા બાઈક નહી મળી આવતા રૂ.૧૫ હજારની બાઈક ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



નિર્મોહી આશ્રમ સેક્ટર-૨૫ દ્વારા દર રવિવારે સેવા વસ્તીમાં ખીચડીનું વિતરણ કરવામાં આવે છે. જાણીતા એડવોકેટ અશ્વિન ત્રિવેદી અને પત્રકાર મુકેશ પંડ્યા, ડૉક્ટર રવિ પંડ્યાએ સેવા આપી હતી.

# સિવિલમાં કાર પરનો કાબુ ગુમાવતા ચાલકે કાર ડીવાઈડર પર ચડાવી દીધી




સિવિલ કેમ્પસમાં રાત્રીના સમયે કાર પરનો કાબુ ગુમાવતા ચાલકે કાર ડીવાઈડર પર ચડાવી દઈને લોખંડની ગ્રીલને નુકશાન પહોંચાડ્યું હતું. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે અકસ્માત સર્જનાર તબિબિ વિદ્યાર્થી હોવાનું સ્થાનિકોમાં ચર્ચાતુ હતું. અકસ્માતમાં કારના આગળના ભાગને મોટી માત્રામાં નુકશાન થયુ હતું.



વાસ્તુશાસ્ત્રની દૃષ્ટિએ ઘરમાં માછલીઘર રાખવું શુભ માનવામાં આવે છે. અમદાવાદના કેટલાક વેપારીઓ શહેરમાં માછલીઘરનું વેચાણ કરવા આવ્યા છે. સેકટર-૨૧ પંચદેવ મંદિર જવાના માર્ગે આ વેપારીઓ માછલીઘરનું વેચાણ કરી રહ્યા છે.

# ચિલોડા પાસેથી ૮૪ બોટલ દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૯

ચિલોડા નાકા પોઈન્ટ પાસે વાહન ચેકીંગ દરમિયાન ચિલોડા પોલીસને લકઝરી બસના બે મુસાફરના થેલામાંથી વિદેશી દારૂની ૮૪ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૨૯,૪૦૦, બે મોબાઈલ ફોન કિં.૧૦ હજાર મળી કુલ રૂ.૩૯,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી બે યુવકો સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ કરી રહ્યા હતા. તે સમયે હિંતમનગર તરફથી આવી રહેલી ખાનગી લકઝરી બસને ઉભી રખાવી હતી. લકઝરી બસના કંડકટરને સાથે રાખી મુસાફરોના સામાન ચેક કરતા બે મુસાફરના થેલામાંથી વિદેશી દારુની ૮૪ બોટલ મળી આવી હતી. પોલીસે મુસાફરનું નામ પુછતા વિપુલ ધીરૂભાઈ રોજાસરા (ઉં.૨૪, રહે. લીંબડીયા શેરી કોરડા, જી.સુરેન્દ્રનગર) અને જયસુખ મનસુખભાઈ લીંબડીયા (ઉં.૨૫ રહે કોરડા જી.સુરેન્દ્રનગર) હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે યુવકો પાસે દારુની પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવ્યું હતું. પોલીસો રૂ.૨૯,૪૦૦ ની ૮૪ બોટલ દારુ, તેમજ ૧૦ હજારના બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૩૯,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે યુવકો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# નૂતન વર્ષ સામૂહિક નિરાશાને ખંખેરી ખુશીઓ પાછી અપાવનારું બને તે જરૂરી

## સત્તાધીશો 'સબ સલામત'ની ભ્રામકતા સર્જવાને બદલે પ્રજાની પરેશાની દૂર કરતી અનુકરણીય આચાર અને વિચારસંહિતા કેળવે : પ્રજા પણ 'પડશે એવા દેવાશે'ની નીતિ છોડી પ્રમાણિક શિસ્ત અપનાવે





ગાંધીનગર, તા.૨૯

વિક્રમ સંવત – ૨૦૭૬એ વિદાય લીધી અને ૨૦૭૭નો પ્રારંભ થયો છે, અંગ્રેજી કેલેન્ડર વર્ષ ૨૦૨૦ પણ તેના આખરી તબક્કામાં છે જેની વિદાય સાથે આશાઓ અને અપેક્ષાઓ ભર્યા વર્ષ ૨૦૨૧નો પ્રારંભ થશે. આમ તો દર નૂતન વર્ષના પ્રારંભને આપણે "મંગળ પ્રારંભ" જેવા શબ્દોથી આવકારતા હોઈએ છીએ પરંતુ આ વખતે પરિસ્થિતી કૈંક જુદી સર્જાઈ છે. છેલ્લા આઠ આઠ માસથી હતોત્સાહિત કરનારા સમયગાળાને કારણે નિરાશાથી ઘેરાયેલા નાગરિકો વર્ષાન્તે ઉજવાતા સૌથી મોટા દિવાળીને ધામધુમથી ઉજવી પરિવારમાં અને જીવનમાં નવા ઉમંગ અને ઉત્સાહનો સંચાર કરવા માંગતા હતા પરંતુ કોરોના વાઈરસના વધી ગયેલા સંક્રમણે અસંખ્ય પરિવારોને ઝપટમાં લઈ લીધા તેમજ તેમાથી અનેક પરિવારોમાં શોકની કાલિમા છવાઈ જવા પામી છે. આ સાથે સરકારી તંત્રને પણ "સબ સલામત"ની ભ્રામકતા જાળવવાની લ્હાયમાં ભોંઠા પડવાનો વારો આવ્યો છે. હવે આ સ્થિતિમાં સામાન્ય જનમાનસને "વેક્સિન હાથ વગી જ છે"નું એનર્જી ડ્રિંક પીવડાવવાની કોશિશ થઈ રહી છે પરંતુ સાચા અર્થમાં નવું વર્ષ પછી તે વિક્રમ સંવત ૨૦૭૭ હોય કે કેલેન્ડર વર્ષ ૨૦૨૧ આવે તે સામૂહિક નિરાશાને દૂર કરી સામાન્ય જનજીવનમાં ખુશીઓ પાછી અપાવનારું બને તે જરૂરી બન્યું છે.

છેલ્લા આઠ માસમાં કોરોનાનો વૈશ્વિક સ્તરે સારી રીતે સામનો કરવાની શરૂઆત કરનાર ભારતમાં આજે સ્થિતિ એવી સર્જાઈ છે કે આ લખાય છે ત્યાં સુધીમાં દેશભરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૧ હજારથી વધુ પોઝિટિવ કેસો અને ૪૮૫ દર્દીઓના મૃત્યુ સાથે કોરોના સંક્રમિતોનો "સરકારી ચોપડે" નોંધાયેલો આંકડો ૯૩.૫૧ લાખને પર પહોંચ્યો છે મતલબ કે ટૂંક સમયમાં "કોરોના બન ગયા કરોડપતિ" જેવા મેસેજ તમારા મોબાઈલમા ફ્લેશ થશે તે દિવસ દૂર નથી. આ સાથે કોરોનાથી ફરી "સરકારી ચોપડે" ૧.૩૬ લાખથી વધુ દર્દીઓ પોતાના જીવન ગુમાવી ચૂક્યા છે. જોકે દેશભરમાં ૮૭.૬૦ લાખ દર્દીઓએ કોરોના મહામારીને પરાસ્ત કરી છે જે આંકડો વિશ્વના અન્ય દેશોની સરખામણીએ સારો છે તેમાં બેમત નથી. આ એક આશાનું કિરણ કોરોના સામે લડવા માટે સરકારી તંત્રને બળ પુરુ પાડે છે પરંતુ તેને અત્યારથી એક સિદ્ધિ ગણીને ફુલાઈ જવાની મનોદશા સત્તાધીશો ના કેળવે તે અત્યંત આવશ્યક છે.

કોરોનાએ સમગ્ર વિશ્વના જનજીવન પર ઘેરી અસરો કરી છે જેની ચર્ચાઓ તો કોરોના કાળમાં નિરંતર ચાલતી રહી છે. કોરોનાને કારણે સામાજિક સંબંધોથી માંડીને પરિવારિક પરંપરાઓમાં સમસ્યાઓ સર્જાઈ છે, જનજીવનમાં પ્રોત્સાહનનું પરિબળ એવી સાંસ્કૃતિક ગતિવિધિઓ લાચાર બની જવા પામી છે અને માત્ર દર્દીઓની શારીરિક જ નહીં પરંતુ તે સિવાયનાની પણ માનસિક અસ્વસ્થતામાં પણ વધારો થઈ રહ્યો છે. વિશ્વભરના સરેરાશ વેપાર-ધંધા-રોજગાર પર કોરોનાનો માર પડ્યો છે. આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થા આઈએમએફએ વર્ષ ૨૦૨૦ના અંતે દુનિયાનો જીડીપી રેશિયો ઘટીને ૨.૬ ટકાથી ૦.૪ ટકા સુધી નોંધાશે તેવું અનુમાન વ્યક્ત કર્યું છે, તેમજ દુનિયાના સૌથી મજબૂત અર્થતંત્ર ગણાતા અમેરિકા–યુરોપમાં પણ મંદીના આસારની ધારણા બાંધી છે. તેમના માટે અમેરિકનો જીડીપી ૨.૮ ટકા અને યુરોપનો જીડીપી ૪.૭ ટકા જેટલો ઘટશે.






યુનિસેફના અનુમાન મુજબ વિશ્વભરમાં ખોરંભે ચઢેલું બાળકોનું શિક્ષણ ઘણું નુકસાન પામી રહ્યું છે પરંતુ બાળકોને શાળા-કોલેજોમાં નહીં મોકલવાને કારણે અત્યાર સુધી કોરોનાની જે ઘાતક અસરોથી દૂર રાખી શકયા છે તે જાળવી રાખવું આગામી સમયમાં મુશ્કેલ બની શકે છે અને કોરોના નવી પેઢી પર ગંભીર અસરો છોડી શકે છે તેવી ચેતવણી પણ યુનિસેફે ઉચ્ચારી છે. ભારતીય અર્થતંત્રમાં શરૂઆતમાં કોરોના લોકડાઉન કાળને પગલે જીડીપી તળિયે જોવા મળ્યો હતો જે અપેક્ષિત પણ હતો પરંતુ તે પછી ગણતરીબદ્ધ રીતે ધબકતા થયેલા વાણિજ્યિક એકમો અને ઉદ્યોગોએ ખાસ કરીને મેન્યૂફેક્ચરિંગ ક્ષેત્રે અપેક્ષા કરતાં સારો દેખાવ કરીને અર્થતંત્રમાં અપેક્ષિત ઘટાડાની સાપેક્ષે ઊંચો જીડીપી સર્જીને સકારાત્મક આશાવાદનું ઉત્પાદન કર્યું છે જે આ દેશના ઉદ્યમી નાગરિકોની "ક્યાં સુધી બેસી રહીશું"ની માનસિકતા કહો કે મજબૂરી જેના સહારે ગમે તેવી પરિસ્થિતમાં લડી લેવાના ખમીરને છતું કરે છે.

આ દેશની જનતામાં એક વાત જરૂર છે કે જે અનેક સાંકૃતિક વૈવિધ્યને વૈચારિક વિવશતાઓ અને વિટંબણાઓ સાથેના સહઅસ્તિત્વને સ્વીકૃત કરી શકે છે તેમજ જીવનમાં "દોડ્યા વગર તો છૂટકો જ નથી" ના ભાવ સાથે ગમે તેવી પરિસ્થિતી સાથે સંતુલન સાધી લેવાની સુગમ નીતિ પણ પ્રાપ્ત છે. જોકે આ માનસિકતાનો દરેક શાસકો ખૂબીથી પોતાના લાભમાં ઉપયોગ કરતાં આવ્યા છે તે હવે દૂર થાય તે જરૂરી છે. લાંબા સમયથી હતાશા સાથે જીવી રહેલી પ્રજા ઉત્સવ-તહેવારમાં ઉત્સાહનું શરણું શોધે તે સ્વભાવિક છે પરંતુ વધતાં જતાં કોરોના સંક્રમણે પ્રજાના તહેવાર અને ઉજવણીને ખોરવી નાખી છે. જોકે પરસેવો પાડીને પણ પિસાતી પ્રજામાં ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડ કે જાપાન જેવા દેશોની જેમ સાવચેતીની શિસ્ત કેળવાતી નથી તે અત્યંત ગંભીર બાબત છે જેના કારણે આ સ્થિતિ સર્જવા પામી છે તેમાં પણ બેમત નથી પરંતુ તે સાથે શાસકો અને નેતાઓ જેઓએ જે શિસ્તનું ઉદાહરણ પ્રજા સમક્ષ પ્રસ્તુત કરવું જોઈએ તેમાં તેઓ નગુણા સાબિત થઈ રહયા છે તે વધુ ચિંતાજનક કહી શકાય. નેતાઓની ભૂલો અને લાપરવાહીભર્યા વર્તન પ્રજાને પણ ગેરમાર્ગે દોરી જાય છે તે તેમણે આ સમયે તો ભૂલવું ના જ જોઈએ.

કોરોના સામેની લડત હવે માત્ર એક બીમારી સામેની લડત નથી બની રહી પરંતુ એક વૈચારિક સભાનતા કેળવવાની કસોટી પણ બની રહી છે. કોરોના મહામારીને નાથવા માટે ઘણી બધી વેક્સિન તેના ટ્રાયલના તબક્કા સુધી પહોંચી ગઈ છે પરંતુ આજે વેક્સિન સંપૂર્ણ રીતે તૈયાર છે તેવું જાહેર થાય તેમ છતાં તે દરેક સુધી પહોંચતા ઘણો સમય જવાનો છે તે પણ હકીકત છે, તેથી અત્યારે તો દરેકે પોતાની વૈચારિક સભાનતા કેળવવી રહી, સત્તાધીશો પણ હવે નવું વર્ષ વિક્રમ સંવતનું ૨૦૭૭ હોય કે કેલેન્ડર વર્ષ ૨૦૨૧ હોય પણ તે પ્રજાની ખુશીને પરત લાવનારું બની રહે તે માટેની આચાર અને વિચારસંહિતા કેળવે અને પ્રજા પણ પરિવારથી માંડીને પર્યાવરણને, સમાજથી માંડીને રાષ્ટ્રને અને સમગ્ર વિશ્વને સોહે તેવી પ્રમાણિક શિસ્ત કેળવે તો "નૂતન વર્ષાભિનંદન" જરૂર સાર્થક થશે.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પ્રજાપતિ રમણભાઈ સોમાભાઈ, ઉ.વ. ૬૧, દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. શારદાબેન દેવાજી ઠાકોર, ઉ.વ. ૫૬, બોરીજ, ગાંધીનગર
- સ્વ. મહેશકુમાર બાબુલાલ મહેતા, ઉ.વ. ૬૩, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. બિહોલા અરવિંદસિંહ લાલાજી, ઉ.વ. ૪૮, પાલજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. રમિલાબેન છગનભાઈ પટેલ, ઉ.વ. ૬૦, બોરીસણા, જી. ગાંધીનગર
- સ્વ. પરિખ ખોડીદાસભાઈ શીવલાલભાઈ, ઉ.વ. ૭૦, પીંડારડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. પટેલ દુર્ગાબેન રમેશભાઈ, ઉ.વ. ૬૧, મેઘાણીનગર, અમદાવાદ
- સ્વ. ઠાકોર ભીખાજી પ્રતાપજી, ઉ.વ. ૪૫, સેકટર-૨૦, ગાંધીનગર
- સ્વ. વાઘેલા નટવરસિંહજી પીથુજી, ઉ.વ. ૭૦, પેથાપુર, જી. ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. વ્રજલાલ છગનલાલ મિસ્ત્રી, ઉ.વ. ૭૮, સેકટર-૨૧, ગાંધીનગર
- સ્વ. ભાનુમતીબેન હેતલકુમાર પટેલ, ઉ.વ. ૪૫, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. રાઠોડ બનેસિંહ નટવરસિંહ, ઉ.વ. ૬૫, દોલારાણાવાસણા, જી. ગાંધીનગર